૫

રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ /મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૮૩૪૨૧/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.03/03/૨૦૨૦.

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૩/૦૨/૨૦૨૦નો પત્ર નં.મકમ/ હંગામીજગ્યા /મુ.વ./૧૯-૨૦/૭૩૪.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૩ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ ૧૩ હંગામી જગ્યાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૩/૦૨/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની કુલ-૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૦૧/03/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ઠકની વિગતે તથા નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટેની સંસ્થા,રાજકોટની
હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ચીફ ઓફિસર | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૨ | કેસવર્કર કમ પ્રોબેશન ઓફિસર | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૩ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૪ | ગૃહમાતા | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૫ | પટાવાળા | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૬ | રસોયા | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૭ | લેડી એટેન્ડન્ટ | ૪ | ૩ | ૩ | - | - | - |
| ૮ | સ્વીપર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૯ | ચોકીદાર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | પાર્ટ ટાઇમ વીઝીટીંગ મેડીકલ ઓફિસર | ૨ | ૧ | - | ૧ | - | - |
| ૧૧ | પાર્ટ ટાઇમ મનોવૈજ્ઞાનિક /મનોચિકિત્સક | ૨ | ૧ | - | ૧ | - | - |
| | કુલ | | ૧૩ | ૦૭ | ૦૬ | - | - |

<u>શરતો:</u>

(૧) ઉકત ખાલી જગ્યાઓ મંજુર થયા તારીખથી એક વર્ષની સમયમર્યાદામાં ભરવામાં નહિ આવે તો એક વર્ષ ઉપરના સમયગાળાથી ખાલી રહેવા પામેલ આ જગ્યાઓને એબેયન્સમાં મુકવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

(૨) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂંક આપતાં પહેલાં વિભાગ મારફત નાણાં વિભાગનો પરામર્શ કરી આ જગ્યાઓને એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.

(૩) આ જગ્યાઓના પગાર ભથ્થાનો ખર્ચ નાણાંકીય વર્ષ-૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૪/૦૨/૨૦૨૦ની તથા અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૮/૦૨/૨૦૨૦ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.